

# સંકલ્પ પત્ર

## આદર્શ ગાંધીનગર માટે
## આપણે સૌ એકમત-ભાજપને મત

**ગાંધીનગર મહાનગરપાલિકા ચૂંટણી - 2026**

**જનસમર્થન**

ભાજપને વિકાસને



# મારો મત ભાજપને, મારો મત વિકાસને

## જનસમર્થન

ભાજપને વિકાસને



# સંકલ્પ પત્ર

## કમળ ખિલશે - ગાંધીનગર જીતશે



( ગાંધીનગર મહાનગરપાલિકાનો વિકાસ નકશો )

## ગાંધીનગર મહાનગરપાલિકા : વિકાસ યાત્રા - વિશ્વાસ યાત્રા

# સંકલ્પથી સિદ્ધિ તરફ...વિકાસની અવિરત યાત્રા

### લોકશાહીના આ મહોત્સવમાં વિકાસનો સંકલ્પ કરીએ, આદર્શ ગાંધીનગરનો સંકલ્પ કરીએ...

લોકશાહીનો મહોત્સવ આવ્યો છે. ગાંધીનગરના નાગરિકોને પોતાના પાટનગરના વિકાસની અવિરત ગતિને વધુ વેગ આપતા, જનઆકાંક્ષાઓને સાકાર કરતા અને *'નાગરિક દેવો ભવઃ'*ની ભાવનાથી જનસેવાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપતા લોકસેવકો પસંદ કરવાનો અવસર મળ્યો છે. ભારતના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના *'વિકસિત ભારત'*ના સંકલ્પથી પ્રેરિત, ગુજરાતની વિકાસયાત્રાને આગળ ધપાવતી રાજ્ય સરકારના નેતૃત્વમાં ગાંધીનગરને વધુ આધુનિક, સુવિધાસભર, સ્વચ્છ, હરિયાળું અને આદર્શ પાટનગર બનાવવાની દિશામાં આગામી પાંચ વર્ષ માટે ભારતીય જનતા પાર્ટી - ગાંધીનગર મહાનગર આ સંકલ્પપત્ર પ્રસ્તુત કરે છે. આ સંકલ્પપત્ર માત્ર વચનોનો દસ્તાવેજ નથી; તે સેવાના સંકલ્પ, સુશાસનની પ્રતિબદ્ધતા અને ગાંધીનગરના સર્વાંગી વિકાસની દિશામાં જનતા સમક્ષ મૂકેલો અમલલક્ષી રોડમૅપ છે. શહેર હોય કે ગામ, યુવા હોય કે વરિષ્ઠ, મહિલા હોય કે શ્રમિક - ગાંધીનગરના દરેક નાગરિકના જીવનમાં સુવિધા અને સમૃદ્ધિ વધે એ જ અમારી વિકાસયાત્રાનું કેન્દ્રબિંદુ છે.

ભારતના યશસ્વી પ્રધાનમંત્રી અને ગુજરાતના પનોતા પુત્ર આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદીના રાષ્ટ્રનિર્માણના વિઝનથી પ્રેરિત, કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીશ્રી અમિતભાઈ શાહના માર્ગદર્શનથી માર્ગદર્શિત, સંવેદનશીલ અને મૃદુ-મક્કમ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં તથા યુવા નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીના માર્ગદર્શન હેઠળ ગુજરાત વિકાસની અવિરત યાત્રા કરી રહ્યું છે. ગુજરાતને દેશના વિકાસનું ગ્રોથ એન્જિન બનાવવાની આ યાત્રામાં રાજ્યનું પાટનગર ગાંધીનગર પણ વિકાસ, સુશાસન અને નાગરિક સુવિધાઓના નવા માપદંડો સ્થાપિત કરી રહ્યું છે.

ઉર્જાવાન પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્માના નેતૃત્વ અને માર્ગદર્શનમાં ભારતીય જનતા પાર્ટીનું સંગઠન જનસેવા, વિકાસ અને રાષ્ટ્રનિર્માણના સંકલ્પ સાથે સતત કાર્યરત છે. ગાંધીનગર મહાનગરપાલિકાએ પણ છેલ્લા પાંચ વર્ષ દરમિયાન શહેર તથા મહાનગરપાલિકામાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારોના સર્વાંગી, સંતુલિત અને સર્વસમાવેશક વિકાસને પ્રાથમિકતા આપી છે.

ગાંધીનગર આજે માત્ર ગુજરાતનું પાટનગર નથી; તે સુઆયોજિત શહેર, હરિયાળું શહેર, આધુનિક માળખાકીય સુવિધાઓ ધરાવતું શહેર અને નાગરિક કેન્દ્રિત શાસનનું પ્રતિબિંબ બની રહ્યું છે. શહેરની સાથે જોડાયેલા ગ્રામ્ય વિસ્તારોમાં પણ માર્ગ, પાણી, ડ્રેનેજ, સ્ટ્રીટલાઇટ, સ્વચ્છતા, આરોગ્ય, શિક્ષણ, જાહેર સુવિધાઓ અને અન્ય નાગરિક માળખાકીય સુવિધાઓના વિસ્તરણ દ્વારા શહેર અને ગામ વચ્ચેના વિકાસના અંતરને ઘટાડવાનો સતત પ્રયાસ કરવામાં આવ્યો છે.

'નાગરિક દેવો ભવઃ'- આ ભાવનાને સેવા-સંકલ્પનું કેન્દ્ર બનાવીને ભારતીય જનતા પાર્ટીએ વિકાસને માત્ર ઈન્ફ્રાસ્ટ્રક્ચર પૂરતો મર્યાદિત રાખ્યો નથી, પરંતુ તેને નાગરિકોના જીવનની ગુણવત્તા સાથે જોડ્યો છે. દરેક વિસ્તાર સુધી સુવિધા પહોંચે, દરેક પરિવારને સન્માનપૂર્ણ જીવન માટે જરૂરી માળખું મળે, દરેક યુવાનને તક મળે, મહિલાઓને સશક્તિકરણના નવા અવસર મળે અને શહેર-ગામ બંનેનો સંતુલિત વિકાસ થાય - આ જ વિકાસયાત્રાનો મૂળમંત્ર રહ્યો છે.

### વિકાસ એટલે સતત આગળ વધવાની પ્રતિબદ્ધતા

વિકાસ કોઈ અંતિમ મુકામ નથી; તે સતત આગળ વધતી પ્રક્રિયા છે. નવી જરૂરિયાતો જન્મે છે, નવી ટેક્નોલોજી આવે છે, નવી નાગરિક અપેક્ષાઓ ઊભી થાય છે અને નવી પેઢી નવા સપનાઓ સાથે આગળ વધે છે. તેથી ગાંધીનગરના વિકાસને પણ નવી દિશા, નવી ગતિ અને નવી ઊંચાઈ આપવી એ આપણી આગામી જવાબદારી છે.

ગાંધીનગરને વધુ સ્વચ્છ, હરિયાળું, સુરક્ષિત, સ્માર્ટ, સુવિધાસભર અને ભવિષ્યલક્ષી શહેર બનાવવાની દિશામાં આગામી તબક્કાની વિકાસયાત્રા આગળ ધપાવવાનો આ સંકલ્પપત્ર એક રોડમૅપ છે. તેમાં શહેરની સાથે મહાનગરપાલિકામાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારોના સમાન વિકાસને પણ કેન્દ્રસ્થાને રાખવામાં આવ્યો છે.

### ગુજરાતની વિકાસગાથા - ગાંધીનગરની જવાબદારી

ગુજરાતની ઓળખ મહાત્મા ગાંધીની સત્ય અને અહિંસાની વિચારધારા, સરદાર વલ્લભભાઈ પટેલની રાષ્ટ્રીય એકતાની ભાવના, સ્વામી દયાનંદ સરસ્વતીની આધ્યાત્મિક ચેતના અને સંતો-મહંતો, કથાકારો, કવિઓ, કલાકારો અને ભજનિકોની સમૃદ્ધ સાંસ્કૃતિક પરંપરાથી બનેલી છે.

આ જ ગુજરાત ઉદ્યોગસાહસિકો, કિસાનો, શ્રમિકો, યુવાનો, મહિલાઓ, ગરીબો અને આદિવાસી સમાજ સહિત દરેક ગુજરાતીના પરિશ્રમ અને સંકલ્પથી આગળ વધ્યું છે.

ગુજરાતની આ વિકાસગાથામાં ગાંધીનગરનું સ્થાન વિશિષ્ટ છે. પાટનગર તરીકે ગાંધીનગર માત્ર વહીવટી કેન્દ્ર નહીં, પરંતુ સુશાસન, આયોજન, પર્યાવરણ, શિક્ષણ, ટેક્નોલોજી અને આધુનિક નાગરિક સુવિધાઓનું મોડેલ બને - એ દિશામાં સતત કાર્ય કરવાની આવશ્યકતા છે.

### સત્તાના ત્રિવેણી સંગમથી વિકાસને ગતિ

કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ વચ્ચે અસરકારક સંકલન વિકાસની ગતિને વધુ મજબૂત બનાવે છે. ગુજરાતના સ્થાનિક સ્વરાજ્યના વ્યાપને જોતા આ જવાબદારી વિશાળ છે.

# જનહિત સર્વોપરી

આ ત્રિસ્તરીય વ્યવસ્થામાં નીતિથી અમલ સુધીનું સંકલન મજબૂત રહે, વિકાસના લાભો અંતિમ વ્યક્તિ સુધી પહોંચે અને સ્થાનિક જરૂરિયાતોને અનુરૂપ યોજનાઓ ઝડપથી અમલમાં આવે - આ આગામી સમયની મહત્વપૂર્ણ પ્રાથમિકતા છે.

## રાષ્ટ્રનિર્માણથી સ્થાનિક વિકાસ સુધી

છેલ્લા વર્ષોમાં દેશ અને ગુજરાતમાં માળખાકીય વિકાસ, કનેક્ટિવિટી, પ્રવાસન, ધાર્મિક સ્થળોના વિકાસ, ટેક્નોલોજી, મેટ્રો અને આધુનિક પરિવહન સહિતના અનેક ક્ષેત્રોમાં નોંધપાત્ર પ્રગતિ થઈ છે. અયોધ્યામાં શ્રી રામ મંદિરનું નિર્માણ, કલમ 370 અંગેનો બંધારણીય ફેરફાર, વિવિધ યાત્રાધામોના વિકાસ, પાવાગઢ અને અંબાજી જેવા શક્તિપીઠોના વિકાસ, સાબરમતી રિવરફ્રન્ટ, મેટ્રો જેવી આધુનિક પરિવહન સુવિધાઓ અને બુલેટ ટ્રેન જેવી રાષ્ટ્રીય કક્ષાની કનેક્ટિવિટી યોજનાઓ દેશના વિકાસના વિશાળ પરિપ્રેક્ષ્યનો ભાગ છે.

સાથે જ ગરીબ કલ્યાણ, યુવા સશક્તિકરણ, મહિલા સશક્તિકરણ, કિસાન કલ્યાણ, આદિવાસી ગૌરવ, સ્ટાર્ટઅપ અને ઈનોવેશન, ઔદ્યોગિક વિકાસ તથા પ્રવાસન જેવા ક્ષેત્રોમાં પણ વિવિધ પહેલો થઈ છે.

આ વિકાસનો લાભ ગાંધીનગરના દરેક નાગરિક સુધી પહોંચે અને ગાંધીનગર રાષ્ટ્રીય સ્તરે ભવિષ્યલક્ષી પાટનગર તરીકે વધુ મજબૂત બને તે આપણી આગામી પ્રતિબદ્ધતા છે.

## સંસ્કૃતિ, પર્યાવરણ અને આધુનિકતા - સાથે સાથે

ગાંધીનગરની વિશેષતા તેની હરિયાળી, શાંતિ અને આયોજનબદ્ધ વસાહતમાં છે. આગામી વિકાસમાં આ વિશેષતાઓનું સંરક્ષણ કરતાં આધુનિક સુવિધાઓનો વિસ્તાર કરવો જરૂરી છે.સ્વચ્છતા અને ઘન કચરા વ્યવસ્થાપન, પાણી અને ડ્રેનેજ વ્યવસ્થા, ગુણવત્તાસભર રસ્તાઓ, ટ્રાફિક મેનેજમેન્ટ, જાહેર પરિવહન, સ્ટ્રીટલાઇટ, જાહેર સ્થળો, બગીચાઓ, રમતગમતની સુવિધાઓ, આરોગ્ય અને શિક્ષણ જેવી મૂળભૂત જરૂરિયાતોને વધુ કાર્યક્ષમ બનાવવાની સાથે ડિજિટલ ગવર્નન્સ અને ટેક્નોલોજી આધારિત નાગરિક સેવાઓને પણ પ્રાથમિકતા આપવાની પ્રતિબદ્ધતા છે.

ગાંધીનગરના ગામો અને શહેર વચ્ચેનું અંતર માત્ર ભૌગોલિક રહે, સુવિધાઓમાં નહીં - એવો સંતુલિત વિકાસ આપણું લક્ષ્ય છે.

## જનભાગીદારીથી જનકલ્યાણ

લોકશાહી માત્ર ચૂંટણીનો દિવસ નથી; લોકશાહી સતત સંવાદ, જવાબદારી અને જનભાગીદારીની પ્રક્રિયા છે. નાગરિકોની અપેક્ષાઓ સાંભળવી, સ્થાનિક પ્રશ્નોને પ્રાથમિકતા આપવી, સમયબદ્ધ ઉકેલ તરફ આગળ વધવું અને શાસનમાં પારદર્શિતા તથા જવાબદારી વધારવી - આ સારા સ્થાનિક શાસનની ઓળખ છે.

આ સંકલ્પપત્ર તેથી માત્ર વચનોનું પત્ર નથી. તે ગાંધીનગરના નાગરિકો સાથેની પ્રતિબદ્ધતાનો દસ્તાવેજ છે - વિકાસને ગતિ આપવાની, સુવિધાઓને વિસ્તૃત કરવાની, શાસનને વધુ નાગરિકકેન્દ્રિત બનાવવાની અને ગાંધીનગરની ઓળખને વધુ ગૌરવપૂર્ણ બનાવવાની પ્રતિબદ્ધતા.

## આવતીકાલનું ગાંધીનગર - આપણા સંકલ્પથી

આગામી સમયનું ગાંધીનગર એવું હોય જ્યાં યુવાનોને નવી તકો મળે, મહિલાઓ માટે સુરક્ષિત અને સક્ષમ વાતાવરણ હોય, વરિષ્ઠ નાગરિકોને અનુકૂળ જાહેર સુવિધાઓ મળે, બાળકો અને યુવાનો માટે રમતગમત અને સર્જનાત્મક વિકાસના અવસર હોય, ગામડાંઓમાં શહેર સમકક્ષ નાગરિક સુવિધાઓ પહોંચે અને દરેક નાગરિકને પોતાના નગર પર ગૌરવ થાય.

આપણે વિકાસની ગતિને માત્ર જાળવી રાખવાની નથી; તેને નવી દિશા આપવાની છે. ટેક્નોલોજી સાથે માનવ સંવેદનાનો સમન્વય, આધુનિકતા સાથે સંસ્કૃતિનું જતન અને વિકાસ સાથે પર્યાવરણનું સંતુલન - આવતીકાલના ગાંધીનગરની - આદર્શ ગાંધીનગરની ઓળખ બનવી જોઈએ.

**ગાંધીનગરનું ગૌરવ જાળવવું છે.**
**ગાંધીનગરની સુવિધાઓ વધારવી છે.**
**ગાંધીનગરની હરિયાળી જાળવવી છે.**
**ગાંધીનગરના ગામડાંઓને વધુ સક્ષમ બનાવવા છે.**
**અને ગાંધીનગરને વિકસિત ભારતના વિકસિત પાટનગર તરીકે-આદર્શ પાટનગર તરીકે નવી ઊંચાઈએ લઈ જવું છે.**

**આ સંકલ્પપત્ર એ જ દિશામાં એક નવો સંકલ્પ છે.**
**સેવા અમારો સંકલ્પ છે.**
**વિકાસ અમારું સાધન છે.**
**સુશાસન અમારી જવાબદારી છે.**
**અને ગાંધીનગરના નાગરિકોનું સુખ-સમૃદ્ધિભર્યું જીવન અમારું અંતિમ ધ્યેય છે.**

આવો, આપણે સૌ સાથે મળીને સંકલ્પથી સિદ્ધિ તરફ, વિકાસથી સમૃદ્ધિ તરફ અને આદર્શ ગાંધીનગરથી વિકસિત ભારત તરફ આ અવિરત યાત્રાને આગળ વધારીએ.

**આપણું ગાંધીનગર - ગૌરવવંતુ ગાંધીનગર.**
**આપનો વિશ્વાસ - વિકાસની સતત ગતિ.**
**આપણી ભાગીદારી - આદર્શ ગાંધીનગરની ગેરંટી.**

જનસમર્થન
ભાજપને વિકાસને

## આપણું ગાંધીનગર, આપણો સંકલ્પ :

જનસમર્થન
ભાજપને વિકાસને

# આધુનિક સુવિધા, સ્માર્ટ ટેક્નોલોજી, સ્વચ્છતા, સંસ્કૃતિ અને સર્વાંગી વિકાસ સાથે 'આદર્શ ગાંધીનગર'નો સંકલ્પ.

ગાંધીનગર માત્ર ગુજરાતની રાજધાની નથી; તે ગુજરાતની વિકાસદૃષ્ટિ, આયોજનબદ્ધ શહેરી જીવન અને આધુનિકતાનું પ્રતિબિંબ છે. આગામી 5 વર્ષમાં ગાંધીનગરને વધુ સુંદર, સુવિધાસભર, સ્માર્ટ, સ્વચ્છ, સુરક્ષિત અને આત્મનિર્ભર શહેર બનાવવાના સંકલ્પ સાથે ભારતીય જનતા પાર્ટી નાગરિકો સમક્ષ વિકાસનું વિઝન રજૂ કરે છે :

### આધુનિક માળખાગત સુવિધાઓ - સ્માર્ટ અને સુગમ ગાંધીનગર

**અમારો સંકલ્પ: દરેક માર્ગ સુગમ, દરેક સફર સુરક્ષિત અને દરેક વિસ્તારનું વિકાસ સાથે જોડાણ.**



- રસ્તાઓ બનશે વિકાસની નવી ઓળખ : ટ્રાફિક સિગ્નલ AI આધારિત હશે.
- ગાંધીનગરના રસ્તાઓ માત્ર અવરજવર માટે નહીં, પરંતુ શહેરની આધુનિક ઓળખના પ્રતીક બને તે દિશામાં આયોજનબદ્ધ વિકાસ કરવામાં આવશે.
- ચ-રોડને નવા આઇકોનિક રોડ તરીકે વિકસાવવામાં આવશે.
- રોડ નંબર-2 અને રોડ નંબર-3નો સ્માર્ટ રોડ તરીકે વિકાસ કરવામાં આવશે.
- ઘ-7થી પેથાપુર સુધીના માર્ગનો સ્માર્ટ રોડ તરીકે વિકાસ કરવામાં આવશે.
- વિવિધ સેક્ટરોના એપ્રોચ રોડનું આધુનિકીકરણ અને ગુણવત્તાયુક્ત વિકાસ કરવામાં આવશે.
- શહેરી વિસ્તારના રસ્તાઓને તબક્કાવાર CC રોડમાં રૂપાંતરિત કરવામાં આવશે.
- સેક્ટર-1થી પેથાપુર સહિતના મહત્વના માર્ગો પર ટ્રાફિક સુવિધા અને સલામતીને પ્રાથમિકતા આપવામાં આવશે.
- ખ-2થી વાવોલ ઓવરબ્રિજના આયોજનને આગળ ધપાવવામાં આવશે.
- ક-7થી રાંધેજા તરફના ઓવરબ્રિજનું નિર્માણ કાર્ય પૂરજોશમાં ચાલી રહ્યું છે.

### સેક્ટરનું સૌંદર્યીકરણ - દરેક પ્રવેશદ્વારે સેક્ટરની આગવી ઓળખ

- ગાંધીનગરના દરેક સેક્ટરને તેની પોતાની આગવી ઓળખ મળે તે માટે વિશિષ્ટ Theme Based Urban Design વિકસાવવામાં આવશે.




- દરેક સેક્ટરના વિશિષ્ટ અને આકર્ષક પ્રવેશદ્વાર વિકસાવવામાં આવશે.
- સેક્ટરની થીમને અનુરૂપ સ્ટ્રીટ ફર્નિચર તૈયાર કરવામાં આવશે.
- આધુનિક અને સુગમ ફૂટપાથ વિકસાવવામાં આવશે.
- શહેરના મુખ્ય માર્ગો અને જાહેર સ્થળોનું એકરૂપ અને આકર્ષક સૌંદર્યીકરણ કરવામાં આવશે.
- સ્ટ્રીટ લાઇટનું આધુનિકીકરણ : સેક્ટર-1 અને સેક્ટર-19માં સ્ટ્રીટ લાઇટ પોલ બદલવામાં આવશે.
- ઊર્જા કાર્યક્ષમ અને આધુનિક લાઇટિંગ દ્વારા શહેરને વધુ સુરક્ષિત અને સુંદર બનાવવામાં આવશે.

### સ્માર્ટ ગાંધીનગર - ટેક્નોલોજી સાથે શિક્ષણ અને નવીનતા

- આગામી ગાંધીનગર AI, Robotics, Digital Education અને Knowledge Economyનું કેન્દ્ર બને તે માટે વિશેષ આયોજન કરવામાં આવશે.




- AI Lab અને Smart School : મહાનગરપાલિકા સંચાલિત શાળાઓમાં AI Lab વિકસાવવામાં આવશે.
- Smart Classroom, Digital Learning, STEM અને Robotics આધારિત શિક્ષણને પ્રોત્સાહન આપવામાં આવશે.
- જ્ઞાનકુંજ પ્રોજેક્ટ અંતર્ગત Smart Schoolના વિકાસને વધુ વિસ્તૃત કરવામાં આવશે.
- Robotics આધારિત Sports Facility : રમતગમત અને ટેક્નોલોજીના સંકલન સાથે Robot-Based Sports Facility વિકસાવવામાં આવશે, જ્યાં નવી પેઢીને આધુનિક રમતગમતની તાલીમ અને ટેક્નોલોજીનો અનુભવ મળશે.
- Data Centre : ગાંધીનગરને Digital Infrastructureનું મજબૂત કેન્દ્ર બનાવવા માટે Data Centreના વિકાસને પ્રોત્સાહન આપવામાં આવશે.

## શિક્ષણ, જ્ઞાન અને યુવાનો - ઉજ્જવળ ભવિષ્યનો સંકલ્પ

**સંકલ્પ: ગાંધીનગરનું દરેક બાળક ભણે, દરેક યુવાન આગળ વધે અને દરેક પ્રતિભાને તક મળે.**

- ગાંધીનગરના યુવાનો માત્ર નોકરી શોધનારા નહીં, પરંતુ રોજગાર સર્જનારા અને નવી તકો ઊભી કરનારા બને તે માટે શિક્ષણ અને જ્ઞાનના ક્ષેત્રે વિશેષ ભાર મૂકવામાં આવશે.
- કુડાસણમાં વર્કિંગ વિમેન્સ હોસ્ટેલ - સરકારી કચેરીઓ, સચિવાલય, કર્મયોગી ભવન અને IT હબ જેવા મહત્વના સ્થળોની નજીક કાર્યરત મહિલાઓ માટે અનુકૂળ અને સલામત આવાસની સુવિધા ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ઉભી કરવાનો સંકલ્પ છે.



- Namo Library : શહેરમાં આધુનિક Namo Library વિકસાવવામાં આવશે.
- વિદ્યાર્થીઓ, સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા યુવાનો અને જ્ઞાનપ્રેમીઓ માટે આધુનિક અભ્યાસ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે.
- ગામેગામ પુસ્તકાલય : ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં સમાવિષ્ટ તમામ ગામોમાં પુસ્તકાલય અને વાંચન સુવિધા વિકસાવવામાં આવશે.
- યુવાનોના શિક્ષણ, કૌશલ્ય અને કારકિર્દીને નવી દિશા આપવાના કાર્યક્રમો હાથ ધરાશે.

## રમતગમતનું ગાંધીનગર - Sports Capital તરફ આગેકૂચ

**સંકલ્પ : દરેક મેદાનમાં પ્રતિભા, દરેક યુવાનમાં આત્મવિશ્વાસ અને ગાંધીનગરની રમતગમતમાં રાષ્ટ્રીય ઓળખ.**

- મહિલાઓના સ્વાસ્થ્ય માટે અલાયદા જીમ વિકસાવવામાં આવશે.



- ગાંધીનગરને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરની રમતગમત સુવિધાઓથી સજ્જ કરવા માટે આગામી 5 વર્ષમાં વિશેષ આયોજન કરવામાં આવશે.
- કોમનવેલ્થ ગેઈમ્સના સંદર્ભમાં ગાંધીનગરમાં આધુનિક સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સનું આયોજન.
- રાંધેજામાં ક્રિકેટ સ્ટેડિયમ અને પેથાપુરમાં સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષનું નિર્માણ કરાશે.
- Robotics-Based Sports Facility વિકસાવવામાં આવશે.
- યુવાનો માટે વિવિધ રમતોની આધુનિક તાલીમ અને પ્રેક્ટિસ સુવિધાઓ વિકસાવવામાં આવશે.
- સ્થાનિક પ્રતિભાઓને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે આગળ વધવા માટે પ્લેટફોર્મ આપવામાં આવશે.

## સંસ્કૃતિ, કલા અને મનોરંજન - સાંસ્કૃતિક ગાંધીનગર

- ગાંધીનગરને માત્ર પ્રશાસનની રાજધાની નહીં, પરંતુ કલા, સંસ્કૃતિ અને સર્જનાત્મકતાની રાજધાની બનાવવાનો સંકલ્પ.
- City Centre & Performing Arts : આધુનિક City Centre વિકસાવવામાં આવશે.

- સંગીત, નાટ્ય, નૃત્ય અને અન્ય કલાઓ માટે Performing Arts Facility વિકસાવવામાં આવશે.
- ટાઉનહોલ : મહાનગરપાલિકાના વિસ્તારોમાં આધુનિક Town Hallનું આયોજન કરવામાં આવશે.
- મીના બજાર અને ઘ-5 Open Air Theatre : મીના બજારના પુનઃવિકાસ અને આધુનિકીકરણનું કામ હાથ ધરાશે. ઘ-5 Open Air Theatreને વધુ સુવિધાસભર અને આકર્ષક બનાવવામાં આવશે.
- જાહેર સાંસ્કૃતિક કાર્યક્રમો, લોકકલા અને સામાજિક પ્રવૃત્તિઓ માટે વધુ સારા જાહેર સ્થળો ઉપલબ્ધ કરાવવામાં આવશે.

## પર્યટન અને વારસો - ગાંધીનગરને Tourist Destination બનાવવાનો સંકલ્પ

- ગાંધીનગરના ઐતિહાસિક મંદિર - પંચદેવ મંદિર પરિસરનો વિકાસ કરાશે અને સાંસ્કૃતિક વારસાને નવી ઓળખ આપવામાં આવશે.
- ગાંધીનગર શહેરી દર્શન : 'ગાંધીનગર શહેરી દર્શન' - થીમ બેઝ્ડ Double-Decker AC Bus Service શરૂ કરવાની દિશામાં આયોજન કરવામાં આવશે.



- શહેરના મહત્વના સ્થળો, ઐતિહાસિક સ્થળો, સાંસ્કૃતિક સ્થળો અને વિકાસના પ્રોજેક્ટ્સને પ્રવાસન સાથે જોડવામાં આવશે.
- અંબાપુર વાવ : Heritage Site Development Project અંતર્ગત અંબાપુર વાવનો વિકાસ કરવામાં આવશે.
- ઐતિહાસિક વારસાનું સંરક્ષણ, આસપાસનું સૌંદર્યીકરણ અને પ્રવાસીઓ માટે જરૂરી સુવિધાઓ વિકસાવવામાં આવશે.
- વન્ડર પાર્ક : 'Waste to Best' ની વિચારધારા સાથે વન્ડર પાર્ક વિકસાવવામાં આવશે.
- પર્યાવરણ, કલા અને સર્જનાત્મકતાના સંકલનથી આકર્ષક જાહેર સ્થળ ઊભું કરવામાં આવશે.

## તળાવો, હરિયાળી અને પર્યાવરણ - Green & Beautiful Gandhinagar

- ગાંધીનગરની હરિયાળી તેની સૌથી મોટી ઓળખ છે. તેને વધુ મજબૂત બનાવવાનો સંકલ્પ.
- સેક્ટર-1 તળાવનો વિકાસ : સેક્ટર-1ના તળાવનું



Re-development કરવામાં આવશે. વોક-વે, લેન્ડસ્કેપિંગ, બેઠક વ્યવસ્થા અને નાગરિકો માટે મનોરંજનની સુવિધાઓ વિકસાવવામાં આવશે.
- વૃક્ષારોપણ અને લેન્ડસ્કેપિંગ
- મુખ્ય માર્ગો અને સેક્ટરોમાં થીમ આધારિત પ્લાન્ટેશન.
- જાહેર સ્થળો અને પ્રવેશદ્વારોનું હરિયાળું સૌંદર્યીકરણ.
- શહેરના પર્યાવરણને વધુ સ્વચ્છ અને જીવંત બનાવવાના પ્રયાસો.

## ગામથી શહેર સુધી - સર્વસમાવેશી ગાંધીનગર

- મહાનગરપાલિકામાં સમાવિષ્ટ ગામડાઓનો વિકાસ શહેરના વિકાસ જેટલો જ મહત્વપૂર્ણ છે.
- શહેર જેવી સુવિધા, ગામ જેવી આત્મીયતા : ગોકુળપુરા, ફતેપુરા, આદીવાડા અને કુબેરનગર જેવા વિસ્તારોમાં શહેરને અનુરૂપ રસ્તા, સ્ટ્રીટ લાઇટ, ગટર, પાણી, જાહેર સુવિધાઓ અને અન્ય માળખાગત સુવિધાઓ સાથે સુવ્યવસ્થિત શહેરી વિકાસ કરવામાં આવશે.
- ગ્રામીણ ચોક અને લેબર ચોક : ગ્રામીણ વિસ્તારોની જરૂરિયાતને અનુરૂપ ગ્રામીણ ચોક વિકસાવવામાં આવશે. શ્રમિકોની સુવિધા અને વ્યવસ્થિત રોજગાર વ્યવહાર માટે લેબર ચોકનું નિર્માણ કરવામાં આવશે.
- રાંધેજા : રાંધેજામાં Community Hall વિકસાવવામાં આવશે.
- રાંધેજા અને આસપાસના વિસ્તારોને શહેર સાથે વધુ સારી રીતે જોડતી પરિવહન અને માળખાગત સુવિધાઓ વિકસાવવામાં આવશે.





## આવાસ - દરેક પરિવાર માટે સુવિધાસભર ઘર

**સંકલ્પ: છત માત્ર મકાનની નહીં, સુરક્ષિત અને સન્માનજનક જીવનની.**

- આર્થિક રીતે નબળા અને જરૂરિયાતમંદ પરિવારો માટે PM Awas Yojanaના અસરકારક અમલીકરણ દ્વારા પાકા અને સુવિધાસભર આવાસ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

## નાગરિક સુવિધાઓ અને વહીવટ - સરકાર તમારી સમીપ

- નાગરિકોને તેમની સમસ્યાના ઉકેલ માટે દૂર સુધી જવું ન પડે તે માટે વહીવટી સુવિધાઓનું વિકેન્દ્રીકરણ કરવામાં આવશે.
- Zonal Offices : મહાનગરપાલિકાની Zonal Officesનો વિકાસ કરવામાં આવશે.
- સ્થાનિક સ્તરે નાગરિક ફરિયાદો, પ્રમાણપત્રો અને સેવાઓ વધુ સરળતાથી ઉપલબ્ધ બને તે માટે વ્યવસ્થા મજબૂત કરવામાં આવશે.
- Urban Challenge Fund : કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારના યોગદાનથી મળનારા Urban Challenge Fundનો મહત્તમ ઉપયોગ ગાંધીનગરના આધુનિક શહેરી વિકાસ માટે કરવામાં આવશે.
- મોટા અને ભવિષ્યલક્ષી Urban Infrastructure Projectsને પ્રાથમિકતા આપવામાં આવશે.



## સ્વચ્છ, સ્વસ્થ અને સુરક્ષિત ગાંધીનગર

- મહાનગરપાલિકા દ્વારા જનભાગીદારીથી ફિઝિયોથેરાપી સેન્ટર્સનું નિર્માણ કરાશે.
- Food Safety Mobile Testing Lab : નાગરિકોના આરોગ્ય સાથે કોઈ સમાધાન નહીં. ખાધપદાર્થોની ગુણવત્તા ચકાસવા માટે Mobile Food Safety Testing Van / Mobile Testing Laboratoryની વ્યવસ્થા કરવામાં આવશે.
- સોલીડ વેસ્ટના નિકાલ માટે બાયોમાઈનિંગ પદ્ધતિનો ઉપયોગ કરીને કચરાના નિકાલની વ્યવસ્થાને વધુ સુદૃઢ કરાશે.
- Animal Hostel & Hospital : પશુઓ માટે આધુનિક Animal Hospital વિકસાવવામાં આવશે. રખડતા અને બીમાર પશુઓની સારવાર માટે વધુ સક્ષમ વ્યવસ્થા ઊભી કરવામાં આવશે.
- પશુઓના અંતિમ સંસ્કારની વ્યવસ્થા : પશુઓના મૃતદેહના સન્માનજનક અને વૈજ્ઞાનિક નિકાલ માટે અંતિમ સંસ્કારની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવશે.

## ભવિષ્યનું ગાંધીનગર - વિકાસની નવી દિશા




- આગામી 5 વર્ષ માત્ર નવા રસ્તા અને ઇમારતો બનાવવાના નહીં, પરંતુ ગાંધીનગરને આગામી પેઢી માટે તૈયાર કરવાના વર્ષો હશે. Smart Roads, AI Labs, Smart Schools, Robotics, Data Centre, Modern Sports Infrastructure, Performing Arts, Digital Libraries, Heritage Tourism, Green Urban Development, Modern Public Transport, Strong Rural-Urban Connectivity. આ તમામ પહેલોને એકીકૃત કરીને ગાંધીનગરને ભવિષ્યલક્ષી, ટેક્નોલોજી આધારિત અને માનવકેન્દ્રિત શહેર બનાવવામાં આવશે.

## અમારો પાંચ વર્ષનો સંકલ્પ

**સુવિધાસભર ગાંધીનગર, સ્માર્ટ ગાંધીનગર, સ્વચ્છ ગાંધીનગર, સુંદર ગાંધીનગર, સાંસ્કૃતિક ગાંધીનગર, રમતગમતનું ગાંધીનગર, યુવાનોનું ગાંધીનગર, હરિયાળું ગાંધીનગર, સર્વસમાવેશી ગાંધીનગર.**

**આગામી 5 વર્ષ - આદર્શ ગાંધીનગરના નિર્માણનાં 5 વર્ષ.**

યુવાનો માટે આદર્શ ગાંધીનગર

માળખાગત સુવિધાઓથી સજ્જ આદર્શ ગાંધીનગર

ગ્રામીણ સમૃદ્ધિ સાથેનું આદર્શ ગાંધીનગર

શિક્ષણ-મહિલા-બાળ વિકાસ ક્ષેત્રે અગ્રેસર આદર્શ ગાંધીનગર

સ્વચ્છ અને સ્વસ્થ આદર્શ ગાંધીનગર

કલા-સંસ્કૃતિ અને પ્રવાસન ક્ષેત્રે શ્રેષ્ઠ આદર્શ ગાંધીનગર

ઉર્જાવાન-હરિયાળું આદર્શ ગાંધીનગર

# વિકાસની સપ્તધારા

**અમારો પાંચ વર્ષનો સંકલ્પ**

**સુવિધાસભર ગાંધીનગર, સ્માર્ટ ગાંધીનગર, સ્વચ્છ ગાંધીનગર, સુંદર ગાંધીનગર, સાંસ્કૃતિક ગાંધીનગર, રમતગમતનું ગાંધીનગર, યુવાનોનું ગાંધીનગર, હરિયાળું ગાંધીનગર, સર્વસમાવેશી ગાંધીનગર.**

## આગામી 5 વર્ષ - આદર્શ ગાંધીનગરના નિર્માણનાં 5 વર્ષ.

જનસમર્થન
ભાજપને વિકાસને

**વિકાસ યાત્રા - વિશ્વાસ યાત્રા**



# WE WILL DO IT !



# મેટ્રોની ગતિ સાથે, ગાંધીનગરને નવી ગતિ જોડાણ વધ્યું, તકો વધી

- **અમદાવાદ-ગાંધીનગર મેટ્રો કનેક્ટિવિટી** - પાટનગર અને આર્થિક પાટનગર-અમદાવાદને આધુનિક પરિવહનથી સાંકળતી સુવિધાથી નોકરીયાતો, વિદ્યાર્થીઓ અને નાગરિકોની રોજિંદી મુસાફરી વધુ સરળ અને સમયબદ્ધ બની છે.
- **મહાત્મા મંદિર સુધી સીધી મેટ્રો સેવા** - મોટેરાથી ગાંધીનગરના મહત્વના વહીવટી અને જાહેર સ્થળો સુધીની સીધી કનેક્ટિવિટીથી નાગરિકોને ઝડપી અને સુવિધાજનક પરિવહનનો લાભ મળી રહ્યો છે.
- **GIFT City સાથે મેટ્રો જોડાણ** - આર્થિક અને વૈશ્વિક નાણાકીય કેન્દ્ર સુધીની પહોંચ વધુ સરળ થતાં ગાંધીનગરના યુવાનો, વ્યાવસાયિકો અને વેપારજગત માટે નવી સંભાવનાઓ સાથે જોડાવાની તક મળી રહી છે.
- **ડાયરેક્ટ મેટ્રો સેવા** - અમદાવાદના વાસણા APMCથી ગાંધીનગર સેક્ટર-1 અને GIFT City સુધી ટ્રેન બદલ્યા વિના મુસાફરીની સુવિધાથી રોજિંદા મુસાફરોનો સમય બચી રહ્યો છે અને પરેશાની ઘટી રહી છે.
- **GIFT Cityથી શાહપુર સુધી આગામી વિસ્તરણ** - મેટ્રો નેટવર્કના વિસ્તરણ સાથે ગાંધીનગર અને આસપાસના વિસ્તારોને વધુ મજબૂત જાહેર પરિવહન જોડાણ મળવાની દિશા વધુ સુદૃઢ બની છે.
- **અમદાવાદ એરપોર્ટ સુધી મેટ્રો કનેક્ટિવિટીનું આયોજન** - એરપોર્ટ સાથે સીધું જોડાણ ઉપલબ્ધ થતાં ગાંધીનગરની કનેક્ટિવિટી વધુ સરળ બનશે.
- **મલ્ટી-મોડલ કનેક્ટિવિટી** - મેટ્રો સ્ટેશનોને શહેરના વિસ્તારો, આઇકોનિક રોડ અને શૈક્ષણિક કેમ્પસ સાથે ફીડર બસ તથા શટલ સેવાઓથી જોડવાના આયોજનથી 'છેલ્લા માઇલ' સુધીની મુસાફરી વધુ સુગમ બનવાની છે.



જનસમર્થન
ભાજપને વિકાસને





# ગાંધીનગરમાં સાબરમતી રિવરફ્રન્ટ : વિકાસની નવી લહેર ગાંધીનગરને મળશે નવી ઓળખ

- **સાબરમતી રિવરફ્રન્ટનું ગાંધીનગર સુધી વિસ્તરણ** - અમદાવાદથી ગાંધીનગર અને GIFT Cityને સાંકળતા રિવરફ્રન્ટથી નદીકાંઠાના વિસ્તારોને નવી સુવિધાઓ અને વિકાસની નવી સંભાવના મળશે.
- **સરિતા ઉદ્યાન અને સંત સરોવર સાથે જોડાણ** - પ્રકૃતિ અને રિવરફ્રન્ટને સાંકળતી આ પહેલથી ગાંધીનગરના પ્રવાસનને નવી દિશા અને નાગરિકોને વધુ આકર્ષક જાહેર સ્થળો મળી શકશે.
- **GIFT City વૉટરફ્રન્ટ** - આધુનિક લાઇટિંગ, લેન્ડસ્કેપિંગ અને અર્બન ફોરેસ્ટ્રી સાથે GIFT Cityની વૈશ્વિક ઓળખને અનુરૂપ નદીકાંઠાનો નવો પરિચય વિકસાવવાની દિશામાં કામ આગળ વધી રહ્યું છે.
- **રિવરફ્રન્ટ રોડ નેટવર્ક** - નદીકાંઠાની કનેક્ટિવિટી સુધારતા નવા માર્ગોથી અમદાવાદ–ગાંધીનગર વચ્ચેની અવરજવર વધુ સરળ અને સુગમ બનવાની અપેક્ષા છે.
- **બેરેજ-કમ-બ્રિજનું આયોજન** - પાણીના સંગ્રહ અને નદીનું જળસ્તર જાળવવાની સાથે પરિવહન અને જળવ્યવસ્થાને એકસાથે મજબૂત કરવાની દિશામાં મહત્વપૂર્ણ આયોજન થઈ રહ્યું છે.
- **ગ્રીન પ્રોમેનાડ અને સાયકલ ટ્રેક** - વૉકવે, રનિંગ ટ્રેક અને સાયકલ ટ્રેક જેવી સુવિધાઓથી શહેરમાં સ્વસ્થ અને સક્રિય જીવનશૈલી માટે વધુ અનુકૂળ જાહેર જગ્યા ઉપલબ્ધ થશે.
- **બે સ્તરીય રિવરફ્રન્ટ આયોજન** - બગીચા, પ્લાઝા, બોટિંગ અને બેઠક વ્યવસ્થા સાથે નાગરિકો તથા મુલાકાતીઓ માટે નદીકાંઠે સમય વિતાવવાનો નવો અનુભવ વિકસશે.



જનસમર્થન
ભાજપને વિકાસને





# ગાંધીનગરથી અમદાવાદ સુધી ગતિનો નવો માર્ગ - સફર સરળ, સમયની બચત

- **ભાટ સર્કલનો કેબલ - સ્ટેડ ફ્લાયઓવર** - ગાંધીનગર - અમદાવાદ માર્ગ પર ટ્રાફિકના દબાણને હળવું કરવા માટે આધુનિક કેબલ-સ્ટેડ બ્રિજની સુવિધા નાગરિકો માટે ઉપલબ્ધ થઈ છે.
- **ટ્રાફિકથી વધુ સરળતા** - ભાટ સર્કલના વ્યસ્ત જંક્શન પર ઉપરથી સીધી અવરજવરની સુવિધા મળતાં પીક અવર્સમાં વાહનચાલકોને સિગ્નલ પર થતી રાહ જોવામાં રાહત મળી છે.
- **ગાંધીનગર-અમદાવાદ કનેક્ટિવિટી** - એરપોર્ટ અને અમદાવાદ તરફ જતા મુખ્ય માર્ગ પરની અવરજવર વધુ સુગમ થતાં રોજિંદા મુસાફરોનો સમય અને ઇંધણ બંને બચાવવામાં મદદ મળી છે.
- **ટ્રાફિકનું સુવ્યવસ્થિત વિભાજન** - ફ્લાયઓવર અને નીચેથી પસાર થતા ટ્રાફિકના અલગ પ્રવાહથી ભાટ સર્કલ પર વાહનવ્યવહાર વધુ વ્યવસ્થિત બનવામાં મદદ મળી છે.
- **આધુનિક કેબલ-સ્ટેડ ડિઝાઇન** - અદ્યતન એન્જિનિયરિંગ અને રાત્રિના આકર્ષક LED લાઇટિંગ સાથેનો આ બ્રિજ ગાંધીનગર-અમદાવાદ કોરિડોરની આધુનિક માળખાકીય ઓળખમાં ઉમેરો કરે છે.
- **આગામી 12-લેન નર્મદા કેનાલ બ્રિજ** - કોબા-ભાટ કોરિડોરની વધતી ટ્રાફિક જરૂરિયાતને ધ્યાનમાં રાખીને વધુ ક્ષમતાવાળી કનેક્ટિવિટી માટેનું આગામી આયોજન પણ આગળ વધી રહ્યું છે.



જનસમર્થન
ભાજપને વિકાસને





# આઇકોનિક રોડ - વિકાસની નવી રફતાર : ગાંધીનગરની 'આઇકોનિક' ઓળખ

- **PDEU આઇકોનિક રોડ** - GIFT City અને નોલેજ કોરિડોરને જોડતો આ આધુનિક માર્ગ સાયકલ ટ્રેક, ફૂટપાથ, સ્ટ્રીટ ફર્નિચર અને ફૂડ ઝોન જેવી સુવિધાઓથી નાગરિકો અને ખાસ કરીને યુવાનોનું નવું લાઇફસ્ટાઇલ હબ બન્યો છે.
- **સરદાર પટેલ સ્વર્ણિમ અંડરપાસ** - ઘ-4 જંકશન પરની ટ્રાફિક સમસ્યાને હળવી કરી. રોજિંદી અવરજવરમાં નાગરિકોને સરળતા મળી રહી છે.
- **સેક્ટર 7, 11, 17, 21 અને 22ના ફોરલેન રોડ** - વિસ્તરતા શહેરની જરૂરિયાતોને અનુરૂપ વિશાળ અને સુગમ માર્ગવ્યવસ્થાનો લાભ નાગરિકોને મળી રહ્યો છે.
- **ચ-2 જંકશન ખાતે ટ્રાફિક સર્કલ વિકાસ** - વધુ સુવ્યવસ્થિત ટ્રાફિક વ્યવસ્થાથી વાહનચાલકોને સરળ અને સલામત અવરજવરની સુવિધા મળી છે.
- **સેક્ટરોના એપ્રોચ રોડનું ફોરલેનિંગ** - વિસ્તારો વચ્ચેની કનેક્ટિવિટી સુધરતાં રોજિંદી મુસાફરી વધુ સરળ બની રહી છે.
- **ચ-0થી કોબા સર્કલ સુધી એરપોર્ટ રોડ** - ફૂટપાથ અને ફેન્સિંગ સાથે શહેરના મહત્વના માર્ગ પર સુરક્ષા, સુવિધા અને સુંદરતાનો અનુભવ.
- **બાસણ, પાલજ, અંબાપુર અને પોર ખાતે CC રોડ** - ગામડાં સુધી પાકા માર્ગોની સુવિધા પહોંચી છે.
- **સેક્ટર 21- 22 વચ્ચેનો અંડરપાસ** - બંને વિસ્તારો વચ્ચેની અવરજવર માટે વધુ સુગમ, સલામતીભર્યું અને સમય બચાવતું જોડાણ ઉપલબ્ધ બન્યું છે.
- **કોલવડા 4-લેન ઓવરબ્રિજ** - રેલવે ક્રોસિંગની અડચણ ઓછી થતાં અવિરત અને સલામત અવરજવરની સુવિધા નાગરિકોને મળી રહી છે.



જનસમર્થન
ભાજપને વિકાસને










# હરિયાળી સાથે ગતિ, સુવિધા સાથે પ્રગતિ : ઈ-બસથી સ્માર્ટ ગાંધીનગર

- **PM-eBus Sewaની આધુનિક સુવિધા** - 'પર્યાવરણ મિત્ર' ઇલેક્ટ્રિક બસો સાથે ગાંધીનગરના નાગરિકોને સ્વચ્છ, આરામદાયક અને સુલભ જાહેર પરિવહનનો વિકલ્પ મળ્યો છે.
- **વધુ ઈ-બસ, વધુ કનેક્ટિવિટી** - શહેરમાં ઈ-બસ સેવાનો વિસ્તાર થતાં મુખ્ય સેક્ટરો, સચિવાલય, રેલવે સ્ટેશન, મહાત્મા મંદિર સહિતના મહત્વના વિસ્તારો સુધી પહોંચવું વધુ સરળ બન્યું છે.
- **GIFT Cityથી શૈક્ષણિક કેમ્પસ સુધી** - GIFT City, IIT Gandhinagar અને PDEU જેવા આર્થિક તથા શૈક્ષણિક કેન્દ્રોને જોડતી બસ સેવાએ વિદ્યાર્થીઓ, નોકરિયાતો અને યુવાનો માટે રોજિંદી અવરજવર વધુ સુગમ બનાવી છે.
- **ગાંધીનગરની બહાર પણ કનેક્ટિવિટી** - ચિલોડા, દહેગામ, કલોલ, માણસા અને ચાંદખેડા સહિતના વિસ્તારો સુધી સેવા વિસ્તરતાં ગાંધીનગર અને આસપાસના વિસ્તારો વચ્ચે જાહેર પરિવહનનું જોડાણ વધુ મજબૂત બન્યું છે.
- **આધુનિક ચાર્જિંગ અને સબ-ડેપો** - સરગાસણ ખાતે વિકસાવવામાં આવેલી અધતન સુવિધાથી ઈ-બસ સેવાના સંચાલન અને જાળવણી માટે જરૂરી માળખું વધુ સશક્ત બન્યું છે.
- **નાગરિકો માટે ખાસ ઉત્સવ ઓફર** - ગાંધીનગર મનપા દ્વારા તહેવારોની સિઝનને ધ્યાનમાં રાખીને 12 સપ્ટેમ્બરથી 11 નવેમ્બર 2026 સુધી (ભાદરવા સુદ એકમથી ભાઈબીજ સુધી) શહેરના તમામ નાગરિકો પીએમ ઈ-બસમાં માત્ર ₹1 ના ટોકન દરે ગમે ત્યાં મુસાફરી કરી શકે તેવી વિશેષ જાહેરાત કરવામાં આવી છે.

**જનસમર્થન**
ભાજપને વિકાસને




## પેટ્રોલથી પ્લગ સુધીની નવી સફર - સ્વચ્છ ઊર્જા સાથે હરિયાળું ગાંધીનગર - ચાર્જિંગ સુવિધા સાથે EVને વેગ

- **શહેરમાં EV ચાર્જિંગનું વિસ્તરતું નેટવર્ક** - વિવિધ જાહેર અને સરકારી સ્થળોએ ચાર્જિંગ સુવિધા ઉપલબ્ધ થતાં ગાંધીનગરમાં ઇલેક્ટ્રિક વાહનોના ઉપયોગ માટે વધુ અનુકૂળ વાતાવરણ ઊભું થયું છે.
- **સરકારી વિસ્તારોમાં ચાર્જિંગ સુવિધા** - ગાંધીનગર મનપા દ્વારા સેક્ટર-11 માં Torrent Power ઓફિસ પાછળ મનપા પાર્કિંગ, સેક્ટર-10 (નવા સચિવાલય પરિસર) અને સેક્ટર-6 (અપના બજાર નજીક) જેવા મહત્વના સરકારી વહીવટી વિસ્તારોમાં ચાર્જિંગ સ્ટેશનો ઊભા કરવામાં આવ્યા છે. નાગરિકોને રોજિંદા ઉપયોગ દરમિયાન EV ચાર્જ કરવાની વધુ સરળતા મળી રહી છે.
- **GIFT Cityમાં નવા ચાર્જિંગ પોઇન્ટ્સનું આયોજન** - વધતા EV વપરાશને ધ્યાનમાં રાખીને નવા AC અને DC ચાર્જર્સની સુવિધા ઊભી કરવાની દિશામાં કામ આગળ વધી રહ્યું છે.
- **મુખ્ય જંક્શન અને હાઇવે પર ફાસ્ટ ચાર્જિંગ** - કુડાસણ, સરગાસણ સહિતના મહત્વના વિસ્તારોમાં ચાર્જિંગ સુવિધા.
- **પેટ્રોલ પંપ અને CNG સ્ટેશનો પર EV ચાર્જિંગ** - પરંપરાગત ઇંધણ સ્ટેશનો પર ફાસ્ટ ચાર્જિંગ સુવિધાના વિસ્તરણથી EV વપરાશકર્તાઓ માટે ચાર્જિંગની ઉપલબ્ધતા વધુ વ્યાપક બનશે.
- **વિવિધ વાહનો માટે અનુકૂળ ટેક્નોલોજી** - વિવિધ પ્રકારના EV કનેક્ટર્સની સુવિધા ઉપલબ્ધ થતાં ટુ-વ્હીલરથી ફોર-વ્હીલર સુધીના વાહનચાલકોને ચાર્જિંગમાં વધુ સરળતા મળી રહી છે.



**જનસમર્થન**

**ભાજપને વિકાસને**






# સૌર ઊર્જાથી ઉજ્જવળ ગાંધીનગર - સ્વચ્છ ઊર્જા, હરિયાળું ભવિષ્ય

- **સ્માર્ટ સોલાર ટ્રી** - જાહેર બગીચાઓમાં સોલાર ટ્રી દ્વારા વીજ ઉત્પાદન સાથે લાઇટિંગ અને અન્ય જાહેર સુવિધાઓ માટે સ્વચ્છ ઊર્જાનો ઉપયોગ થઈ રહ્યો છે.
- **ગાર્ડનથી જાહેર સુવિધા સુધી સૌર ઊર્જા** - બગીચા, જાહેર શૌચાલય અને પમ્પિંગ સ્ટેશનો પર રૂફટોપ સોલારથી મનપાની વીજ જરૂરિયાતમાં સ્વચ્છ ઊર્જાનો હિસ્સો વધારવામાં આવ્યો છે.
- **સેક્ટર-30માં સૌર ઊર્જાનો ઉપયોગ** - પાણી પુરવઠા અને વેસ્ટ મેનેજમેન્ટ જેવી ઊર્જા-આધારિત સેવાઓમાં સોલાર પેનલના ઉપયોગથી વીજ ખર્ચમાં ઘટાડા સાથે 'પર્યાવરણ મિત્ર' વ્યવસ્થાને પ્રોત્સાહન મળી રહ્યું છે.
- **મહાનગરપાલિકાના મુખ્ય કાર્યાલયમાં રૂફટોપ સોલાર** - સેક્ટર-17 સ્થિત મનપા મુખ્યાલયમાં ગ્રીડ-કનેક્ટેડ સોલાર વ્યવસ્થાથી સરકારી કચેરીમાં સ્વચ્છ ઊર્જાના ઉપયોગને પ્રોત્સાહન મળ્યું છે. ઝોનલ કચેરીઓ અને ફાયર સ્ટેશનો સહિતની સરકારી ઇમારતો પર સોલાર પેનલ સ્થાપિત કરવાની કામગીરીથી ગાંધીનગરમાં જાહેર માળખાને વધુ ઊર્જાકાર્યક્ષમ બનાવવામાં આવ્યું છે.
- **PM સૂર્ય ઘર યોજનાને પ્રોત્સાહન** - નાગરિકોને ઘર પર રૂફટોપ સોલાર અપનાવવા માટે જાગૃતિ, નોંધણી અને માર્ગદર્શનની સુવિધા ઉપલબ્ધ કરાવી સ્વચ્છ ઊર્જાને ઘર-ઘર સુધી પહોંચાડવાનો પ્રયાસ થઈ રહ્યો છે.
- **ગ્રૂપ હાઉસિંગ સોસાયટીઓમાં સોલારને પ્રોત્સાહન** - કોમન લાઇટિંગ, લિફ્ટ અને EV ચાર્જિંગ જેવી સામૂહિક જરૂરિયાતો માટે રૂફટોપ સોલારને પ્રોત્સાહન આપતાં સોસાયટીઓ માટે ઊર્જા બચતની નવી સંભાવનાઓ ઊભી થઈ છે.



જનસમર્થન
ભાજપને વિકાસને





## ઉદ્યાન નગર - ગાંધીનગર : બગીચાઓ સાથે ખીલી નાગરિક સુવિધાઓ

- **સેક્ટરના બગીચાઓનું આધુનિકીકરણ** - ગાંધીનગરના વિવિધ સેક્ટરોમાં બગીચાઓના વિકાસ અને નવીનીકરણથી નાગરિકોને હરિયાળી વચ્ચે વધુ સુવિધાસભર જાહેર સ્થળો ઉપલબ્ધ થયાં છે.
- **નવા વિસ્તારોમાં હરિયાળીનું વિસ્તરણ** - કોબા અને કોટેશ્વર સહિત મનપામાં સમાવિષ્ટ વિસ્તારોમાં ઉદ્યાન વિકાસ દ્વારા નવા ગાંધીનગરના નાગરિકોને પણ શહેરી કક્ષાની હરિયાળી અને જાહેર સુવિધાઓ મળી છે. 'સુવિધા અને હરિયાળી સૌ માટે'ના અભિગમને આગળ વધારવામાં આવી રહ્યો છે.
- **બાળકો માટે આનંદના અવસર** - વિવિધ બગીચાઓમાં રમતગમતના સાધનો અને ચિલ્ડ્રન પાર્ક જેવી સુવિધાઓથી બાળકોને રમવા અને આનંદ માણવા માટે વધુ સુરક્ષિત અને સુંદર સ્થળો મળ્યાં છે.
- **સ્વાસ્થ્ય સાથે હરિયાળી** - વૉકિંગ ટ્રેક અને ઓપન જીમ જેવી સુવિધાઓથી નાગરિકોને રોજિંદા જીવનમાં ચાલવા, કસરત કરવા અને સ્વસ્થ રહેવા માટે અનુકૂળ વાતાવરણ મળ્યું છે.
- **સિનિયર સિટીઝન માટે વિશેષ કાળજી** - બેઠક વિસ્તારો અને શાંત હરિયાળી જગ્યાઓ સાથે વરિષ્ઠ નાગરિકો માટે મળવા-બેસવા અને સમય પસાર કરવાની સુવિધા વધુ સુખદ બની છે.
- **પાણીની બચત સાથે બગીચાની જાળવણી** - ઓટોમેટિક સ્પ્રિંકલર સિસ્ટમના ઉપયોગથી બગીચાઓની હરિયાળી જાળવવા સાથે પાણીના વધુ કાર્યક્ષમ ઉપયોગને પ્રોત્સાહન મળ્યું છે.
- **સુંદરતા સાથે ઉપયોગિતા** - ગ્રીન ગેઝેબો, લેન્ડસ્કેપિંગ અને સુઆયોજિત જાહેર જગ્યાઓથી ગાંધીનગરની હરિયાળી ઓળખને વધુ સુશોભિત કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે.



**જનસમર્થન**
**ભાજપને વિકાસને**






# તળાવ સચવાય, પાણી બચાવાય - પ્રકૃતિ સાથે પ્રગતિની ગાંધીનગરની સંવેદનશીલ સફર

- **પેથાપુર તળાવનો કાયાકલ્પ** - તળાવના ઊંડાણ અને જળસંગ્રહ ક્ષમતામાં વધારા સાથે ઘાટ, વૉકિંગ ટ્રેક અને લેન્ડસ્કેપિંગથી જળસંરક્ષણ સાથે નાગરિકો માટે સુંદર જાહેર સ્થળ વિકસાવવાની દિશામાં અદ્ભુત કામગીરી થઈ છે.
- **કોલવડા તળાવ વિકાસ** - તળાવના નવીનીકરણ અને વરસાદી પાણીના સંરક્ષણની વ્યવસ્થા સાથે ભૂગર્ભ જળસંચય અને સ્થાનિક જરૂરિયાતોને સહાયક જળવ્યવસ્થા માટે સુંદર પ્રયાસ થયો છે.
- **રાંધેજા તળાવનો વિકાસ** - ગંદા પાણીના પ્રવાહને નિયંત્રિત કરી અને પાણીની ગુણવત્તા સુધારવાની વ્યવસ્થા સાથે તળાવને વધુ સ્વચ્છ અને ઉપયોગી જળસ્રોત તરીકે વિકસાવવામાં આવ્યું છે.
- **વાવોલ લેક-ફ્રન્ટ** - તળાવકાંઠે ચિલ્ડ્રન પ્લે એરિયા, ઓપન જીમ અને અન્ય સુવિધાઓ સાથે ઝડપથી વિકસતા વિસ્તારના નાગરિકોને પ્રકૃતિની વચ્ચે પરિવાર સાથે સમય વિતાવવાનું સુંદર સ્થળ મળ્યું છે.
- **રાયસણ પંચેશ્વર મહાદેવ તળાવ** - ઘાટ, આરતી પ્લાઝા અને બગીચાના વિકાસ સાથે આસ્થા, પ્રકૃતિ અને જાહેર સુવિધાનો સુંદર સમન્વય જોવા મળી રહ્યો છે.
- **અંબાપુર તળાવ વિકાસની દિશામાં પહેલ** - ઐતિહાસિક વાવની આસપાસના તળાવના વિકાસ માટેની પ્રારંભિક કામગીરી સાથે આ વિસ્તારને ભવિષ્યમાં વધુ હરિયાળા અને 'પર્યાવરણ મિત્ર' જાહેર સ્થળ તરીકે વિકસાવવાની સંભાવના ઊભી થઈ રહી છે.



**જનસમર્થન**
**ભાજપને વિકાસને**





# હરિયાળું ગાંધીનગર - વૃક્ષોથી સમૃદ્ધ, પ્રકૃતિથી સજ્જ

- ગાંધીનગરની હરિયાળી ઓળખને વધુ સમૃદ્ધ બનાવવા છેલ્લા વર્ષોમાં વિશાળ પાયે વૃક્ષારોપણ, શહેરી વનીકરણ અને જનભાગીદારીને જોડતી વિવિધ પહેલને વેગ આપવામાં આવ્યો છે. વૃક્ષારોપણ સાથે વૃક્ષોના જતન અને સંવર્ધન પર પણ વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે.
- **1.26 કરોડ વૃક્ષોનું વાવેતર** - કેન્દ્રીય ગૃહમંત્રી અને આપણા લાડીલા સાંસદ માનનીય શ્રી અમિતભાઈ શાહના નેતૃત્વમાં સમગ્ર ગાંધીનગર લોકસભા મતવિસ્તારમાં 1.26 કરોડથી વધુ વૃક્ષો વાવવાના વ્યાપક અભિયાનથી હરિયાળો વિસ્તાર વધારવાની દિશામાં અભૂતપૂર્વ કામગીરી થઈ છે.
- **ગાંધીનગરમાં 6.27 લાખથી વધુ વૃક્ષો** - ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં 6.27 લાખથી વધુ વૃક્ષોના વાવેતર અને જતનની કામગીરી હાથ ધરાઈ છે.
- **'એક પેડ મા કે નામ' સાથે જનભાગીદારી** - મનપાની શાળાઓ, જાહેર પ્લોટ્સ અને કોબા લેક આસપાસ વ્યાપક વૃક્ષારોપણ દ્વારા નાગરિક સહભાગિતાને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે.
- **73 ઓક્સિજન પાર્ક્સનું નેટવર્ક** - સમગ્ર ગાંધીનગર સંસદીય ક્ષેત્રમાં 73 ઓક્સિજન પાર્ક્સ દ્વારા નાગરિકોને શુદ્ધ હવા, ચાલવા અને પ્રકૃતિ સાથે સમય વિતાવવાની વધુ સુવિધા મળી છે.
- **સરઢવમાં 1 લાખ રોપાઓનું અર્બન ફોરેસ્ટ** - Blue Green Gandhinagar અભિયાન હેઠળ સ્વયંસેવકોના સહયોગથી સરઢવ સહિતના વિસ્તારોમાં 1 લાખ રોપાઓના વાવેતરથી શહેરી વનનો વિકાસ કરાયો છે.
- **કોબામાં 4,700 ચો.મી.નું અર્બન ફોરેસ્ટ** - મિયાવાકી અને સઘન વનીકરણ પદ્ધતિથી લીમડો, આંબો, આમલી, બોરસલ્લી અને આમળા સહિત 1,500થી વધુ વૃક્ષોનું મિશ્ર વન ઊભું કરવામાં આવ્યું છે.

જનસમર્થન
ભાજપને વિકાસને



# પાટનગરના પ્રવેશદ્વારથી નોલેજ કોરિડોર સુધી સૌંદર્યની નવી છટા

- **ચ-0થી ઘ-0 (ઇન્ફોસિટી) કોરિડોર** - ફૂટપાથના નવીનીકરણ, લેન્ડસ્કેપિંગ અને સ્માર્ટ સાઇનેજ સાથે શહેરના મહત્વના IT અને કોમર્શિયલ માર્ગને વધુ સુવ્યવસ્થિત અને આકર્ષક બનાવવાની દિશામાં કામગીરી થઇ છે.
- **જંક્શન અને ટ્રાફિક આઇલેન્ડનું સૌંદર્યકરણ** - વિવિધ સર્કલ, ચાર રસ્તા, ટ્રાફિક આઇલેન્ડ અને બસ સ્ટોપ આસપાસ ગ્રીન પોકેટ્સ તથા ફ્લાવર બેડ્સથી શહેરની રોજિંદી સફરમાં હરિયાળી અને સૌંદર્યનો સ્પર્શ ઉમેરાયો છે.
- **પ્રવેશમાર્ગોથી જાહેર સ્થળો સુધી લેન્ડસ્કેપિંગ** - શહેરના વિવિધ વિસ્તારોમાં સુઆયોજિત હરિયાળી વિકસાવવાના પ્રયાસોથી ગાંધીનગરની સ્વચ્છ, સુંદર અને હરિયાળી ઓળખને વધુ સુદૃઢ કરવામાં મદદ મળી છે.
- **રક્ષાશક્તિથી કોબા સર્કલ સુધી હરિયાળી** - શહેરના મહત્વના પ્રવેશમાર્ગ પર વૃક્ષારોપણ, લૉન, સિંચાઇ વ્યવસ્થા અને ડેકોરેટિવ લાઇટિંગથી ગાંધીનગરમાં પ્રવેશનાર સૌને વધુ સુંદર અને સુવ્યવસ્થિત શહેરી વાતાવરણનો અનુભવ મળ્યો છે.
- **PDEU–રાયસણ આઇકોનિક કોરિડોર** - સાયકલ ટ્રેક, પેડેસ્ટ્રિયન વૉકવે, સ્ટ્રીટ ફર્નિચર અને ગ્રીન બફર જેવી સુવિધાઓ સાથે નોલેજ કોરિડોરમાં હરિયાળી અને નાગરિક સુવિધાઓનું સુંદર સંયોજન જોવા મળી રહ્યું છે.



જનસમર્થન

ભાજપને વિકાસને









# જ્ઞાનની નવી પાંખોને ટેક્નોલોજીનો સાથ - ગાંધીનગરના બાળકોથી ઉજ્જવળ આવતીકાલ

- **સ્માર્ટ સ્કૂલની નવી પહેલ** - સરકારી શાળાઓમાં સ્માર્ટ બોર્ડ, ડિજિટલ કન્ટેન્ટ અને હાઇ-સ્પીડ ઇન્ટરનેટ જેવી સુવિધાઓથી વિદ્યાર્થીઓને ટેક્નોલોજી આધારિત શિક્ષણનો અનુભવ મળે એ દિશામાં કામગીરી હાથ ધરાઈ છે.
- **69 સ્માર્ટ શાળાઓ તરફ આગળ વધતું ગાંધીનગર** - તબક્કાવાર સ્માર્ટ શાળાઓના વિસ્તરણથી વિવિધ વર્ગોના હજારો વિદ્યાર્થીઓને આધુનિક શૈક્ષણિક વાતાવરણ ઉપલબ્ધ કરાવવાની દિશામાં કામ થઈ રહ્યું છે.
- **સેક્ટર-24 અને ઇન્દ્રોડામાં અંગ્રેજી માધ્યમની શાળાઓ** - આધુનિક સુવિધાઓ સાથે સરકારી અંગ્રેજી માધ્યમનું શિક્ષણ ઉપલબ્ધ થતાં વિવિધ આર્થિક વર્ગોના બાળકો માટે ગુણવત્તાયુક્ત શિક્ષણની નવી તક ઊભી થઈ છે.
- **સેક્ટર-13, 29 અને બાસણની શાળાઓનું આધુનિકીકરણ** - વિસ્તરણ અને ડિજિટલ સ્માર્ટ ક્લાસરૂમ સાથે વિદ્યાર્થીઓને ધોરણ 9થી 12 સુધી વધુ આધુનિક શૈક્ષણિક વાતાવરણ મળી રહ્યું છે.
- **જૂની શાળાઓનું આધુનિકીકરણ** - ચાર શાળા ભવનોના નવનિર્માણ અને નવીનીકરણ સાથે વિદ્યાર્થીઓને સુરક્ષિત, સ્વચ્છ અને સુવિધાસભર શૈક્ષણિક પરિસર મળી રહ્યું છે. RO પ્લાન્ટ, આધુનિક સેનિટેશન અને અન્ય પાયાની સુવિધાઓથી બાળકોના શિક્ષણ સાથે તેમના આરોગ્ય અને સુખાકારીનું પણ ધ્યાન રાખવામાં આવી રહ્યું છે.

**જનસમર્થન**
**ભાજપને વિકાસને**




# સ્વસ્થ નાગરિક, સુખી પરિવાર - ઘરઆંગણે આરોગ્યસેવાનો સંકલ્પ

- **નવા PHC** - પેથાપુર અને વાવોલ, આ બંને મોટા અને ઝડપથી વિકસતા વિસ્તારોમાં નાગરિકો માટે ₹ 5.43 કરોડના ખર્ચે અધ્યતન સુવિધાઓ ધરાવતા નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનું બાંધકામ કરવામાં આવ્યું છે. કુડાસણ, ભાટ અને ગુંડાલ જેવા વિસ્તારોમાં નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોથી વધુ નાગરિકોને તેમના નજીક સારવારની સુવિધા મળી રહી છે.
- **અર્બન હેલ્થ સેન્ટરોનું આધુનિકીકરણ** - સેક્ટર 21, 22, સરગાસણ સહિતના આરોગ્ય કેન્દ્રોના નવીનીકરણ અને સાધનોના અપગ્રેડેશનથી દર્દીઓને વધુ સુવિધાસભર વાતાવરણ અને આરોગ્યસેવા મળી રહી છે.
- **સેક્ટર વિસ્તારોમાં આરોગ્ય સુવિધામાં સુધારો** - સેક્ટર 2, 24 અને 29ના UPHCમાં જરૂરી આંતરિક સુવિધાઓના વિકાસથી દર્દીઓ અને તેમના પરિવારજનો માટે સારવારનો અનુભવ વધુ અનુકૂળ બની રહ્યો છે.
- **આધુનિક સેન્ટ્રલ પેથોલોજી લેબોરેટરી** - અધતન નિદાન સુવિધાઓ સાથે વિવિધ પરીક્ષણો મફત અથવા ટોકન દરે ઉપલબ્ધ થતાં ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોને મોટી રાહત મળી છે.
- **ગ્રામીણ વિસ્તારો સુધી આરોગ્યસેવાનો વિસ્તાર** - સુઘડ, કોલવડા સહિતના વિસ્તારોમાં આરોગ્ય કેન્દ્રોના વિકાસ અને જરૂરી માળખાકીય સુવિધાઓથી શહેર સાથે જોડાયેલા ગ્રામ્ય વિસ્તારોના નાગરિકોને પણ વધુ સારી આરોગ્યસુવિધા મળી રહી છે.

જનસમર્થન
ભાજપને વિકાસને




# યોગથી નિરોગી જીવન : સ્વસ્થ મન, સશક્ત શરીર, સ્વસ્થ ગાંધીનગર

- **નગરમાં આધુનિક યોગ સ્ટુડિયોનું નેટવર્ક** - સેક્ટર 1, કુડાસણ, સેક્ટર 22, સેક્ટર 25 અને સરગાસણમાં સુવિધાસભર યોગ કેન્દ્રોનું નિર્માણ કરાયું છે. યોગ સ્ટુડિયોથી નાગરિકોને સ્વાસ્થ્ય અને સુખાકારી માટે અનુકૂળ વાતાવરણ મળ્યું છે.
- **સેક્ટર 1 અને કુડાસણમાં યોગ સુવિધા** - આધુનિક AC યોગ હોલ, ગુણવત્તાસભર યોગ મેટ્સ અને સાઉન્ડ સિસ્ટમ જેવી સુવિધાઓ સાથે યોગ અને ધ્યાન માટે સુખદ વાતાવરણ ઉપલબ્ધ બન્યું છે.
- **સેક્ટર 22માં વેલનેસ સેન્ટર** - યોગ્ય વેન્ટિલેશન, કુદરતી પ્રકાશ, ચેન્જિંગ રૂમ અને શુદ્ધ પીવાના પાણી જેવી સુવિધાઓ સાથે નાગરિકો અને વરિષ્ઠ નાગરિકોને નિયમિત યોગ માટે અનુકૂળ જગ્યા મળી છે.
- **સેક્ટર 25 અને સરગાસણમાં યોગ કેન્દ્રો** - હરિયાળા વાતાવરણની નજીક વિકસાવવામાં આવેલી સુવિધાઓથી યોગ, પ્રાણાયામ અને ધ્યાન માટે ઇન્ડોર તથા ખુલ્લી હવામાં સમય વિતાવવાની તક મળી છે.
- **તાલીમબદ્ધ યોગ પ્રશિક્ષકોની સુવિધા** - પ્રમાણિત પ્રશિક્ષકો દ્વારા સવાર-સાંજના સત્રોની વ્યવસ્થા થવાથી નાગરિકોને યોગ્ય માર્ગદર્શન સાથે યોગાભ્યાસ કરવાની તક મળી છે.
- **મહિલાઓ અને વરિષ્ઠ નાગરિકો માટે અનુકૂળ આયોજન** - વિવિધ ઉંમરના નાગરિકોની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને સમયનું આયોજન યોગને વધુ સર્વસમાવેશી અને સરળતાથી ઉપલબ્ધ બનાવવાની દિશામાં એક પ્રયાસ છે.
- **ડિજિટલ સુવિધા તરફ આગળ વધતું વેલનેસ નેટવર્ક**-ભવિષ્યમાં ડિજિટલ બુકિંગ જેવી સુવિધા સાથે નાગરિકો માટે યોગ સત્રોમાં ભાગ લેવાનું વધુ સરળ બનાવવાની દિશામાં આયોજન થઈ રહ્યું છે.



જનસમર્થન
ભાજપને વિકાસને










# પુસ્તકથી પ્રગતિ, જ્ઞાનની ઉડાન : ગાંધીનગરના યુવાનો માટે સંભાવનાઓનું નવું આકાશ.

- **કુડાસણ અને વાવોલમાં નવા પુસ્તકાલયો** - ઝડપથી વિકસતા વિસ્તારોના વિદ્યાર્થીઓને અભ્યાસ માટે આધુનિક અને શાંત વાતાવરણ સાથે તેમને નજીકમાં અનુકૂળ સ્થળ મળ્યું છે.
- **પેથાપુર, કોલવડા અને રાંધેજામાં લાઇબ્રેરીઓ** - CSR સહયોગથી ગ્રામ્ય અને અર્ધશહેરી વિસ્તારોમાં લાઇબ્રેરીઓનો વિકાસ થવાથી સ્થાનિક યુવાનોને પોતાના વિસ્તારમાં જ અભ્યાસ અને જ્ઞાનના વધુ સારા સંસાધનો ઉપલબ્ધ થયાં છે.
- **સેક્ટર-25 રીડિંગ રૂમ** - શાંત અભ્યાસ કેબિન, Wi-Fi અને વ્યક્તિગત ચાર્જિંગ સુવિધા સાથે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓને અભ્યાસ માટે વધુ અનુકૂળ જગ્યા ઉપલબ્ધ થઈ છે.
- **સેક્ટર-21 નોલેજ હબ** - આધુનિક લાઇબ્રેરી સાથે કો-વર્કિંગ, ફ્રીલાન્સિંગ અને સ્ટાર્ટ-અપ માટેની સુવિધાઓથી વિદ્યાર્થીઓ, યુવા વ્યાવસાયિકો અને ઉદ્યોગસાહસિકોને એક જ સ્થળે અભ્યાસ અને કાર્ય માટેનું અનુકૂળ વાતાવરણ મળી શકે તેવું આયોજન થઈ રહ્યું છે.
- **GPSC–UPSC માટે વિશેષ અભ્યાસસુવિધા** - સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેના પુસ્તકો અને સંદર્ભ સામગ્રી સાથે યુવાનોને પરીક્ષાની તૈયારી માટે જરૂરી શૈક્ષણિક વાતાવરણ નજીકમાં મળી રહે તેવો પ્રયાસ થઈ રહ્યો છે.
- **લાઇબ્રેરીમાં આધુનિક અભ્યાસ સુવિધાઓ** - ડિજિટલ કેટાલોગ, કમ્પ્યુટર લેબ, આરઓ વોટર અને આરામદાયક સ્ટડી ફર્નિચર જેવી સુવિધાઓથી વિદ્યાર્થીઓને લાંબા સમય સુધી એકાગ્રતાથી અભ્યાસ કરી શકાય તેવું વાતાવરણ મળ્યું છે.



**જનસમર્થન**

**ભાજપને વિકાસને**





# ગામની માટીમાં વિકાસની મહેક - સ્વચ્છતા, સુવિધા અને પાણીથી સમૃદ્ધ બનતું ગ્રામીણ ગાંધીનગર

- **ગામડાં સુધી સ્વચ્છતાની સુવિધા** - મનપામાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારોમાં નિયમિત ડોર-ટુ-ડોર કચરા સંગ્રહથી ગામની ગલીઓ અને રહેણાંક વિસ્તારોમાં સ્વચ્છતા જળવાય છે.
- **ભૂગર્ભ ગટરથી સ્વચ્છ ગામ** - ખુલ્લી ગટરોના સ્થાને ભૂગર્ભ ડ્રેનેજ અને STP સાથે જોડાણથી ગામડાંમાં સ્વચ્છ અને વધુ સુવ્યવસ્થિત પર્યાવરણ માટેની સુવિધા મળી છે.
- **ગામડાની ગલીઓમાં પ્રકાશ** - LED સ્ટ્રીટ લાઇટ અને પેવર બ્લોકના કામોથી ગ્રામ્ય વિસ્તારોમાં રાત્રિ દરમિયાન સુરક્ષિત અવરજવર અને સ્વચ્છ રસ્તાઓની સુવિધા મળી છે.
- **નળથી ઘર સુધી નીર** - નર્મદા આધારિત કેન્દ્રીય પાણી પુરવઠા વ્યવસ્થાના વિસ્તરણથી હેન્ડપંપ અને કૂવા પરની નિર્ભરતા ઘટાડીને ઘર સુધી વધુ નિયમિત પાણી પહોંચાડવાની સુવિધા ઊભી થઇ  છે.
- **પેથાપુરમાં વિસ્તૃત પાણી નેટવર્ક** - વધારાની ઓવરહેડ ટાંકી અને ડિસ્ટ્રિબ્યુશન લાઇન સાથે ઘર-ઘર નળ કનેક્શન માટેની પાણી પુરવઠા વ્યવસ્થા વધુ સઘન બનાવવામાં આવી છે.
- **'ગોકુળિયું ગામ'ની ભાવના સાથે વિકાસ** - સ્વચ્છતા, પ્રકાશ, રસ્તા અને પાણી જેવી મૂળભૂત સુવિધાઓ ગ્રામ્ય વિસ્તારો સુધી પહોંચતાં મનપામાં સમાવિષ્ટ ગામડાંઓમાં પણ સુખદ અને સુવિધાસભર જીવન માટેનું વાતાવરણ ઊભું થયું છે.

**જનસમર્થન**
ભાજપને વિકાસને




# સામાજિક સંવાદના નવા સ્થળો : ગાંધીનગરના નવા વિસ્તારોમાં આધુનિક કોમ્યુનિટી સેન્ટર્સ

- **રાયસણનું સ્વર્ણિમ સાંસ્કૃતિક કેન્દ્ર -** 300થી વધુ લોકોની ક્ષમતા સાથે AC ગ્રીન રૂમ, પરિવાર માટે રૂમ્સ તથા દિવ્યાંગો માટે સુલભ સુવિધાઓ આ હૉલમાં ઉપલબ્ધ છે.
- **વાવોલમાં આધુનિક કોમ્યુનિટી હૉલ -** પરિવારોને લગ્ન, સામાજિક અને સાંસ્કૃતિક પ્રસંગો માટે વિશાળ હૉલ તથા વ્યવસ્થિત પાર્કિંગની સુવિધા મળી છે.
- **અમિયાપુરમાં કોમ્યુનિટી-કમ-મેરેજ હૉલ** - ગામ અને આસપાસના પરિવારોને પોસાય તેવા દરે લગ્ન તથા સામાજિક પ્રસંગો યોજવા માટે સુવિધા ઉપલબ્ધ થઇ છે.
- **નવા ભળેલા વિસ્તારોમાં સુવિધાઓનું વિસ્તરણ** - કુડાસણ, પેથાપુર, કોબા, ભાટ અને પાલજ સહિતના વિસ્તારોમાં આધુનિક કોમ્યુનિટી હૉલ માટે આયોજન આગળ વધારાયું છે.



જનસમર્થન

ભાજપને વિકાસને






# રમત સાથે શિક્ષણ, પોષણ સાથે વિકાસ - વામન પગલાંથી વિરાટ ભાવિ ભણી...

- **સ્માર્ટ આંગણવાડી, સ્માર્ટ નંદ ઘર** - સેક્ટર 3-ન્યુ, 13, 24, 28, 30 તથા બોરિજ ખાતે આધુનિક અને બાળકોને ગમી જાય એવી આંગણવાડીઓ કાર્યરત થઈ રહી છે.
- **રમતાં-રમતાં શીખવાની સુવિધા** - સ્માર્ટ TV/LED, શૈક્ષણિક ઓડિયો-વિઝ્યુઅલ કન્ટેન્ટ, એજ્યુકેશનલ ટોય્સ, ચાર્ટ્સ અને બાળકોને માફક આવે એવા ફર્નિચર દ્વારા પ્રારંભિક શિક્ષણને વધુ રસપ્રદ બનાવાયું છે.
- **પોષણ અને આરોગ્યની કાળજી** - બાળકોની ઊંચાઈ-વજન માપવા માટેના સાધનો, શુદ્ધ પીવાના પાણી માટે RO તથા સુવિધાયુક્ત કિચન જેવી વ્યવસ્થાઓ ઉપલબ્ધ કરાઈ છે.
- **બાળકો અને માતાઓ માટે સુરક્ષિત વાતાવરણ** - કોલવડા આંગણવાડી નં. 1 ખાતે વેઈટિંગ શેડ જેવી સુવિધાથી ગરમી અને વરસાદ દરમિયાન બાળકો તેમજ સગર્ભા અને ધાત્રી માતાઓને રાહત મળી રહી છે.
- **આધુનિક ટેકનોલોજી અને ભાગીદારીનો સમન્વય** - LGSF જેવી નવી ટેકનોલોજી અને CSR સહયોગથી આંગણવાડીઓને આગામી પેઢીના સર્વાંગી વિકાસ માટે વધુ સુવિધાસભર ‘નંદ ઘર’ તરીકે વિકસાવવાની દિશામાં કામગીરી થઈ રહી છે.

જનસમર્થન
ભાજપને વિકાસને



# ટીપે ટીપે સરોવર ભરાય - પાટનગર જળ સમૃદ્ધ થાય

- **જળસંચયથી જળસુરક્ષિત ભવિષ્ય** - વરસાદી પાણીના સંગ્રહ, તળાવોના પુનઃસંવર્ધન અને ભૂગર્ભજળ રિચાર્જના સંકલિત પ્રયાસોથી ગાંધીનગરમાં પાણીના સંરક્ષણ માટે લાંબા ગાળાની યોજના અમલમાં મૂકવામાં આવી છે.



- **ઇન્જેક્શન વેલથી સીધું ભૂગર્ભજળ રિચાર્જ** - ઘ-રોડ, ખ-રોડ અને કેપિટલ કોરિડોરના પસંદગીના વિસ્તારોમાં સ્ટોર્મ-વોટર નેટવર્કને ઇન્જેક્શન વેલ સાથે જોડીને વરસાદી પાણીને ભૂગર્ભ સ્તર સુધી પહોંચાડવાની વ્યવસ્થા કરવામાં આવી છે.
- **સરકારી ઇમારતોમાં રેઇનવોટર હાર્વેસ્ટિંગ** - મુખ્ય મનપા ભવન, ઝોનલ કચેરીઓ, ફાયર સ્ટેશનો અને સ્માર્ટ શાળાઓમાં રૂફટોપ રેઇનવોટર હાર્વેસ્ટિંગ દ્વારા વરસાદી પાણીને ભૂગર્ભ જળ રિચાર્જ સાથે જોડવામાં આવ્યું છે.
- **નવી ઇમારતોમાં જળસંચયને પ્રોત્સાહન** - નવા હાઇરાઇઝ રહેણાંક અને કોમર્શિયલ પ્રોજેક્ટ્સમાં રેઇનવોટર હાર્વેસ્ટિંગની વ્યવસ્થાને બિલ્ડિંગ પ્લાન સાથે સાંકળવામાં આવી રહી છે.
- **તળાવો બનશે ભૂગર્ભજળના કુદરતી સ્રોત** - પેથાપુર, કોલવડા અને રાંધેજા સહિતના તળાવોમાં ડીસિલ્ટિંગ અને ઊંડાણ વધારવાની કામગીરીથી વરસાદી પાણીના સંગ્રહ અને રિચાર્જની ક્ષમતા વધારવામાં આવી રહી છે.
- **તળાવોમાં ગંદા પાણીનો પ્રવેશ અટકાવવો** - ઇન-ફ્લો ફિલ્ટરેશનની વ્યવસ્થા દ્વારા ગંદા પાણીને અલગ રાખીને વરસાદી પાણીને વધુ સ્વચ્છ રીતે તળાવોમાં પહોંચાડવાની દિશામાં કામગીરી થઇ રહી છે.



જનસમર્થન
ભાજપને વિકાસને

# ગાંધીનગર મહાનગરપાલિકા
## વોર્ડ - સમાવિષ્ટ વિસ્તાર ( સપ્ટેમ્બર 2026 )

| વોર્ડ નં. | સમાવિષ્ટ વિસ્તાર ( સપ્ટેમ્બર 2026 ) |
|---|---|
| વોર્ડ-1 | સેક્ટર-25, 26, રાંધેજા |
| વોર્ડ-2 | જી.ઇ.બી. કોલોની, આદિવાડા, ચરેડી, પેથાપુર – વોર્ડ નં. 1 થી 5 (કસ્બા વિસ્તાર) |
| વોર્ડ-3 | સેક્ટર-24, 27, 28 |
| વોર્ડ-4 | સેક્ટર-20, 29, જી.ઇ.બી. છાપરા, પેથાપુર (કસ્બો), પાલજ, બાસણ, બોરીજ, ઈન્દ્રોડા, ધોળાકુવા, (લવારપુર/શાહપુર – ટી.પી. નંબર : 25) |
| વોર્ડ-5 | સેક્ટર-9, 10, 10એ, 10બી, 18, 19, 20 (173), સેક્ટર-21, 22, 23, 29, 30 |
| વોર્ડ-6 | સેક્ટર-11, 12, 13, 14, 15, 16, 17 ફતેપુરા, ગોકુળપુરા, વાવોલ (કુબેરનગર, તળાવ પાસેના છાપરા) |
| વોર્ડ-7 | કોલવડા, વાવોલ |
| વોર્ડ-8 | સેક્ટર-4, 5, વાસણા, હડમતિયા, સરગાસણ – ટી.પી. નં. 9, પોર, અંબાપુર, (તારાપુર/ઉવારસદ – ટી.પી. વિસ્તાર) |
| વોર્ડ-9 | સેક્ટર-2, 3, 3 ન્યુ, ઈન્ફોસિટી, કુડાસણ, (ધોળાકુવા ટી.પી. નંબર : 6) |
| વોર્ડ-10 | સેક્ટર-1, 6, 7, 8, રાંદેસણ, રાયસણ, કુડાસણ, કોબા, (ધોળાકુવા/ઈન્દ્રોડા ટી.પી. નંબર : 5) |
| વોર્ડ-11 | ખોરજ, ઝુંડાલ, અમિયાપુર, સુઘડ, નભોઈ, ભાટ, કોટેશ્વર |

જનહિત સર્વોપરી

જનસમર્થન
ભાજપને વિકાસને

નાગરિક દેવો ભવ

# કમળનું બટન દબાવો
# ભાજપને વિજયી બનાવો

પ્રકાશક : ચૂંટણી પ્રચાર સમિતિ, ભા.જ.પા. ગાંધીનગર મહાનગર    મુદ્રક : કેપીટલ ઓફસેટ, સેક્ટર-28, ગાંધીનગર    પ્રત : 200